શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૦
અંક : ૧૧

## સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમન દ્વારા ચાલતા સ્ત્રી હિંસા વિરોધી કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે ૨૪ નવેમ્બરથી ૧૦ ડીસેમ્બર દરમિયાન એક જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. અગાઉ કરેલ ઝુંબેશમાં સ્ત્રી હિંસા અંગેની સમજ, હિંસાનાં પ્રકાર, ન્યાય સમીતીનો પ્રચાર વગેરે મુદાઓને લઈને ગામલોકોને વિવિધ માધ્યમો દ્વારા વાકેફ કરાયા હતા. આ વર્ષે નીચેની બાબતો ઝુંબેશમા મહત્વની રહેશે.

૧. ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ નો પ્રચાર અને પ્રસાર કરવો.
૨. હિંસામાં જેને સીધો સંબંધ છે તે હિંસા અને મીલ્કતમાં બહેનોની ભાગીદારી.

ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫નો અમલ તથા બહેનોને મીલ્કતમાં ભાગીદારીના સરકારશ્રીના ઠરાવોનો અમલ આ ઝુંબેશના અગત્યના મુદા છે. બહેનોને મીલ્કતનાં હકક પોતાનાં પીયરમાં અને પોતાનાં સાસરીયામાં છે તેનો વાસ્તવિક અમલ બહેનોની સલામતિ માટે આવશ્યક છે. હિંસાના જોખમોને ઘટાડે છે.

આ ઝુંબેશ ખાંભા તાલુકાના ૧૫ ગામોમાં કરવામાં આવશે. ઝુંબેશ દરમિયાન રાત્રીમીટીંગ, ખુલ્લી ચર્ચા, રેલી, સુત્રોચ્ચાર, પોસ્ટરો તેમજ ઓડીયો વીઝયુઅલ વિ. માધ્યમનો ઉપયોગ થશે. આ ઝુંબેશમાં કાર્યક્રમના કોઓર્ડીનેટર, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર, ન્યાય સમિતિના બહેનો, પેરાલીગલ વર્કર તેમજ યુવાગૃપો અને તકેદારી સમિતિના સભ્યો ભાગ લેશે.

### Important Days of December 08

| | |
|---|---|
| 1 | World AIDS Day |
| 3 | Day of the Handicapped |
| 4 | Navy Day |
| 10 | Human Rights Day |
| 18 | Minorities Rights Day |
| 23 | Kisan Divas (Farmer's Day) |

*નિષ્ફળતા એ સફળતાને આંબવાની સિડી છે.*

## પીયર એજ્યુકેટર મીટીંગ

તા. ૮/૧૧/૨૦૦૮ ના રોજ સંસ્થાની અમરેલી ઓફીસ ખાતે NACP કાર્યક્રમ સાથે જોડાયેલ પીયર એજયુકેટરની મીટીંગ રાખવામાં આવી હતી. આ મીટીંગ બોલાવાનો મુખ્ય ઉદેશ્યએ હતો કે સંસ્થાના આરોગ્યલક્ષી કાર્યક્રમ તથા આજીવિકાના વિકલ્પો પર સ્વયંસેવકો સાથે સંવાદ થાય. અમરેલી જીલ્લામા હિરા વ્યવસાયકારો સાથે HIV/AIDS ને લઈ કરવામાં આવેલ ઈન્ટર્વેન્શન ૨૦૦૬માં પુર્ણ થયુ હતુ. આ કાર્યક્રમનુ ફોલોઅપ, સમાજ પર, લક્ષિત સમુહ પર તેમજ પોતાના દૈનિક જીવનમા થયેલા ફેરફાર જાણવાનો આ મીટીંગ દ્વારા પ્રયાસ થયો.

હાલમાં સંસ્થામાં HIV/AIDS પર કોઈ પ્રોજેકટ હાથ ધરાયેલ નથી છતાંપણ સંસ્થામાંથી તાલીમ લઈ ગયેલ અમુક મિત્રોએ પોતાની રીતે કામ શરૂ રાખેલ છે. સાથે સાથે પોઝીટીવ પીપલ સાથે મીટીંગો, સ્ટેપીંગ સ્ટોન તાલીમ (કે જેમા એમએસએમ, સીએસડબલ્યુ તથા પોઝીટીવપીપલની ક્ષમતા બનાવવામા આવે છે.) જેવી પ્રવૃતિઓ સંસ્થા દ્વારા સમયાંતરે હાથ ધરવામાં આવી છે.

પોતાના દૈનિક જીવનમાં રચ્યાપચ્યા હોવા છતા પણ HIV/AIDS પર લોકોને માહીતી આપે છે. તેમજ કોન્ડોમ વિતરણ પણ શરૂ રાખ્યુ છે.

HIV/AIDS પરની વાતોને તેમજ જુના સંસ્મરણો યાદ કર્યા પછી સંસ્થાની હાલની પરિસ્થિતીથી આવેલ મિત્રોને વાકેફ કરાયા . સંસ્થાએ આ વર્ષમાં વર્ષા વીમો તથા લઘુ બચત સાથે વીમાના રક્ષણ વાળી "જીવન મધુર" પોલીસી પર કામ શરૂ કર્યુ છે. તેનું એક નાનકડુ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતુ.

સામાન્ય સંજોગોમાં સરળતાથી અને ઝડપથી આર્થિક સંકડામણમાથી બહાર આવી શકાય તેવા હેતુથી મોટા ભાગના લોકો અલગ અલગ બચતમંડળોમાં જોડાઈ તેમની સ્થિતિ મુજબ બચત કરતા હોય છે. આવા બચત મંડળો કે જેને પોતાના સભ્યોની ધિરાણની જરૂર મુજબનુ ભંડોળ પુરતુ હોય તો તેઓની હવે પછીની માસિક બચતો જીવન મધુરમાં રોકી શકે અથવા આ માટે તેઓ અલગથી દર મહિને બચત મંડળ ઉપરાંતની રકમ પણ રોકી પોતાના રોજીંદા જીવનમા નાની બચતથી વીમાનુ રક્ષણ મેળવી શકે છે. તે બાબતે ચર્ચા કરવામા આવી. ઉપરાંત હાલમા ચાલી રહેલી મંદીને લઈને હિરા વ્યવસાયકારોની સ્થિતિ બિલકુલ રોજગારી ન મળે તેવી થઈ છે. આવા સંજોગોમા તેના વિકલ્પો શોધવા પ્રયાસ કરતા યુવાનોને જરૂરી માર્ગદર્શન મળતુ રહે તે માટે પણ અવારનવાર મળતા રહેવુ જોઈએ તેવો સુર નીકળ્યો હતો.

***સાક્ષરતા જીવનની બદલતી જતી શૈલીમાં રહેલી છે.***

**પરીવર્તનઃ–**

ગુજરાતીમાં એક કહેવત છે સમય વર્તે સાવધાન એટલે કે જેવો સમય તેવુ વર્તન રાખવું જોઈએ. સમયના બે અર્થ છે.

એક સમય એટલે ટાઈમ.

બીજો વર્તમાન સમય (પરિસ્થિતિ)

ઉપરની કહેવતનું અનુસરણ કરવામાં ન આવે તો દરેક ક્ષેત્રમાં પાછળ રહી જઈએ. માટે દરેક લોકોએ પરિસ્થતિ પારખી ચાલવું જોઈએ. ઉપરની કહેવત દરેક ક્ષેત્રમાં લાગું પડે છે. જેમાં સમાજ, ધર્મ, વ્યાપારવાણીજય, નોકરી ધંધો, ખેતી, વ્યવહાર, વર્તન, વાણી, વગેરે...

ઉદાહરણ તરીકે જુના જમાનામાં ખેતી કરતાં લોકો ખુબ ઓછુ ઉત્પાદન મેળવતા હતા. ત્યારે વિજ્ઞાન એટલું વિકસિત ન હતું. જન સંખ્યા ઓછી હતી. મુખ્ય વ્યવસાય ખેતી હતો. ઘરના તમામ લોકો આ વ્યવસાય પર નિર્ભર હતા. વસતી વધતાં વધારે ઉત્પાદનની જરૂરિયાત ઉભી થઈ. માટે વિજ્ઞાન વધારે આગળ આવ્યું. રાસાયણિક ખાતરો, દવાઓ દ્વારા વધારે ઉત્પાદન લેવાનું શરૂ થયું. ઉત્પાદન વધ્યું, જન સંખ્યા વધી. સાથે જમીનની ફળદ્રુપતા ઘટી. વધારે રાસાયણિક ખાતરોના ઉપયોગથી રોગ વધ્યા. ફરી વિચારવાનો સમય પાકી ગયો અને લોકો ઓર્ગેનિક ફુડ ખાવાનો આગ્રહ કરતાં થયાં. એક ઝુંબેશ શરૂ થઈ. સમય સાથે ચાલો.

એવી જ રીતે સમાજમાં પણ સમયે સમયે પરિવર્તનો આવ્યા કર્યા. જેમાં જુદી જુદી સંસ્કૃતિ પ્રમાણે ફેરફારો થતાં રહયા. પહેલા લાજપ્રથા હતી. કારણ કે તે સમયના શાસકો દ્વારા, લશ્કરો દ્વારા સ્ત્રીઓ પર જોહુકમી, બળાત્કારના પ્રશ્નો વધતાં તેથી સ્ત્રીઓએ ઘુંઘટમાં રહેવાનું શરૂ કર્યુ. જે તે સમયની માંગ હતી. પરંતું સમયની સાથે પરિવર્તનો આવ્યાં. જેમાં વર્તમાન સમયમાં ઘણા સમાજમાં લાજપ્રથા રદ થઈ ગઈ અને હવે પરણીને સાસરામાં આવતી સ્ત્રીઓ પંજાબી ડ્રેસ, ગાઉન પહેરતી થઈ છે. અને તે ઘરની દિકરી છે કે વહું તે ખબર ના પડે. છતાં હજુ પણ ઘણા પરિવર્તનો જરૂરી છે. સ્ત્રી–પુરૂષ ભેદભાવમાં સમાજ દ્વારા ઉભા કરાયેલા ભેદભાવ બદલી શકાય છે. જેનો ઉપરોકત ઉતમ નમુનો છે. આવા ઘણા ભેદભાવો દુર થઈ શકયા છે.

ઉપરોકત બાબતોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભુમિકા પણ મહત્વની રહી છે. જે સ્ત્રીઓ ઘરની ચાર દિવાલ બહાર નીકળતી ન હતી. તે બહાર આવી. કાર્ય કરતી થઈ છે. જેમાં સ્ત્રીઓ પોતાનો હક્ક ઈચ્છાઓ રજુ કરતી થઈ છે. આમ, સમય સાથે પરિવર્તનો આવ્યાં કરે છે. સમાજે તે સ્વીકારી ચાલવું જોઈએ. તો જ એક તંદુરસ્ત સમાજની રચના થઈ શકે.

–અશોક શેલાર

**સાદુ જીવન માણસને ઉચ્ચ વિચારો તરફ પ્રેરે છે.**

**ઘઉનો મબલખ પાક**

ગુજરાત રાજયમાં ધાન્ય પાકોની ખેતીમાં ઘઉ મોખરાનું સ્થાન ધરાવે છે. અને મોટાભાગના લોકોના દૈનિક આહારમાં ઘઉનું મહત્વનું સ્થાન છે. દુનિયામાં અને ભારતમાં ઘઉનો પાક ડાંગર પછી બીજા ક્રમે આવે છે. આપણા રાજયમાં ઘઉનું વાવેતર ૬ લાખ હેકટરમાં થાય છે.

ઘઉની લગભગ ૩૧૪ જેટલી જાતો ભારતના જુદાજુદા વિસ્તારોમાં પ્રચલિત છે. હાલમાં ગુજરાતમાં જીડબલ્યુ–૪૯૬, જીડબલ્યુ ૨૭૩, જીડબલ્યુ ૧૧૩૯, જીડબલ્યુ– ૧૭૩, જીડબલ્યુ–૫૦૩, જીડબલ્યુ લોક ૧, જે ૨૪ કલ્યાણ સોના વગેરે જાતોની ભલામણ છે. ભાલ વિસ્તાર બિન પીયત ઘઉ માટે પ્રખ્યાત છે. ઠંડો ભેજવાળો અને શિયાળાનો સુર્યપ્રકાશ ઘઉના પાકને ઘણો અનુકુળ છે. ઘઉના પાકની સારી વૃધ્ધિ અને વિકાસ માટે સરેરાશ ૨૦ થી ૨૫ સે.મી. તાપમાન જરૂરી છે. દાણા ભરાવાના સમયે ૨૩ થી ૨૫ સે.મી. તાપમાન સારૂ પરીણામ આપે છે. વાદળીયુ હવામાન વધારે ભેજવાળુ અને નીચુ તાપમાન ગેરુના રોગ માટે કારણભુત બની રહે છે.

**જમીન માવજત/ખેત તૈયારી અને વવાણીઃ**

ઘઉ દસેક પ્રકારની જમીનમાં ઉગાડી શકાય છે. ગોરાડુ, કાળી, મધ્યમ જમીનમાં ઘઉનો પાક સારો થાય છે. ચોમાસુ પાકની કાપણી પછી જમીનની પ્રત પ્રમાણે જમીનને લોખંડના હળથી ઉંડી ખેડ કરી ચોમાસુ પાકના જડીયા વીણી લઈને ખેતર સાફ કરવુ ત્યારબાદ બે ખેડ કરવી. જમીનને પાસાદાર બનાવવી. ચોમાસુ પાક વખતે છાણીયુ ખાતર ન આપેલુ હોય તો ૧૦– ૧૫ ટન સારુ કોહવાયેલુ છાણીયુ ખાતર આપવ. જો ક્ષારીય જમીન હોય તો ૧.૫ થી ૨ ટન જીપ્સમ આપવુ જોઈએ. ઘઉ વાવતા પહેલા ઓરવણનું પાણી આપી વરાય થયે જમીન ઘઉ વાવવા માટે તૈયાર કરવી.

**વાવણી સમયઃ–**

ઘઉના ઉત્પાદન માટે વાવણી સમય ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે. આપણા રાજયમાં શિયાળો ટુંકો અને ઠંડીનું પ્રમાણ ઓછુ રહે છે. વાવણી સમયને ધ્યાનમાં લેતા તેને ત્રણ તબકકામાં વહેંચવામાં આવે છે.

**૧.વહેલી વાવણીઃ**

ઓકટોબરના બીજા પખવાડીયાથી લઈ નવેમ્બરના પ્રથમ પખવાડીયા દરમ્યાન કરવામાં આવે છે. તે વખતે રાત્રી અને દિવસનું તાપમાન ઉંચુ હોય છે. જે દાણાના ઉગાવા ઉપર વિપરીત અસર કરે છે. છોડ અને ફુટની સંપાદા ઓછી જોવા મળે છે જેથી ઉત્પાદનમાં ૧૮ થી ૨૦ ટકા ઘટાડો થાય છે. એટલે વહેલુ વાવેતર સલાહભર્યુ નથી.

**૨.સમયસરની વાવણીઃ**

નવેમ્બર ૧૫ થી ૨૫ દરમ્યાનની કરવામાં આવતી વાવણીને સમયસરની વાવણી કહેવામાં આવે છે. પ્રવર્તમાન શિયાળાનો મહતમ લાભ ઉઠાવી મહતમ ઘઉ ઉષ્ણતામાન મેળવવા માટે ઘઉની

વાવણી માટેનો આ શ્રેષ્ઠ સમયગાળો છે. ઉષ્ણતામાન રાત્રી અને દિવસનું ૨૫ સેમી આસપાસ હોય છે. જે ઘઉના છોડને ઉગાડવા માટે શ્રેષ્ઠ છે.ફુટ અને દાણા ભરાવાના સમયે ઉષ્ણતામાન નીચે રહેલુ હોવાથી પાકની વૃધ્ધિ સારી થાય છે અને મહતમ ઉત્પાદન મળે છે.

**૩.મોડી વાવણી :**

૨૫ નવેમ્બર અને ૨૦ ડીસેમ્બર વચ્ચે કરવામાં આવતી વાવણીને મોડી વાવણી તરીકે ઓળખવામાં આવે છે.મોડી વાવણી કરવાથી ફુટની સંખ્યા અને ઉબડીમાં દાણાની સંખ્યામાં ઘટાડાની સાથે દાણા ભરાવા સમયે ઉંચા ઉષ્ણતામાનના કારણે દાણા પુરતા પોષાતા નથી અને ચીમળાઈ જાય છે. ઉત્પાદનમાં ૧૭ ટકાનો ઘટાડો થાય છે.

ઓકટોબર ૨૫ પહેલા અને ડીસેમ્બર ૧૦ પછી ઘઉની વાવણી પોષણક્ષમ રહેતી નથી.

**વાવણી પધ્ધતિઃ**

**૧.પુખીને વાવવુઃ–**

બિયારણ પુખીને ત્યારબાદ કળણ ફેરવી બિયારણ ઉપર માટીનું કવર કરી દેવુ. આ પધ્ધતિમાં બિયારણ બધી જગ્યાએ પહોંચતુ નથી. બિયારણનો ઉગાવો ઓછો થાય, બિયારણનો બગાડ થાય.

**૨.હળની પાછળ રહી હરોળમાં વાવવુઃ**

આ પધ્ધતિમાં બિયારણ હળની પાછળ ઉભા રહી એક હરોળમાં નાખવામાં આવે છે. આ પધ્ધતિ ખેડુતોમાં વધારે પ્રચલિત છે. બિયારણ ૫–૬ સેમી ઉંડે નાખવામાં આવે છે. ઉગાવો સારો થાય છે.

**૩.ડ્રિલરઃ**

આ પધ્ધતિમાં ડ્રિલર મશીનમાંથી વાવેતર કરવામાં આવે છે. આમા જમીન લેવલવાળી અને ઢેફા રહીત હોવી જોઈએ. આ મશીનથી બિયારણ સરખી ઉંડાઈએ પડે છે. જેનાથી બિયારણનો ઉગાવો પણ સારો અને વ્યવસ્થિત થાય છે.

**૪.ડિબલીંગ :**

આ પધ્ધતિમાં જયારે બિયારણ મર્યાદિત હોય ત્યારે એક કે બે દાણા જમીનમાં હાથથી નાખવામાં આવે છે.

(વધુ આવતા અંકે) – ડી.પી.પટેલ.

**માસ દરમ્યાનની પ્રવૃતિઓ**

| | |
|---|---|
| ૩–૪ | બીડીએસ સેમીનારમા હાજરી |
| ૬–૭ | ઘઉના પાક માટે કાર્યશિબીર |
| ૮ | કારોબારી, ટીમ, કોરગૃપ તથા પીયર એજયુકેટરમીટીંગ |
| ૧૧ | કાયદાકિય મીંટીંગ – અમરેલી |
| ૧૩ | ખાંભા વિસ્તારના ખેડૂતો સાથે ઓકસફામ પ્રતિનિધિની વીઝીટ |
| ૧૮–૧૯ | વર્ષા વીમા પાર્ટનર્સ મીટીંગ |
| ૨૪–૨૬ | બાળ અધિકાર કન્સલ્ટેશનમાં પ્રતિનિધિત્વ |
| ૨૭ | સજજતા સંઘ મુલ્યાંકનમા હાજરી |
| ૨૯ | એસકેનેટવર્ક ડાયરેકટર મીટીંગ |

૨૪ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર જમીન માલિકી તથા ડીવીએ પર જાગૃતી ઝુંબેશ

***બુધ્ધિ ધનને કોઈ ચોરી શકતું નથી.***

**ખેતઉત્પાદનો સંબંધી પરામર્શ :–**

ખેતઉત્પાદનો મોટાભાગે વરસાદ આધારિત હોય છે. કુદરતી વરસાદના કારણે ખેતપેદાશોમાં અલગ અલગ પ્રકારના જોખમો હોય છે. આ જોખમ સામે રક્ષણ મેળવવા એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની દ્વારા વરસાદ આધારિત વીમો અમલમાં મુકેલ છે. અમરેલી જીલ્લામા રાજુલા, ખાંભા અને ધારી વિસ્તારના ખુડુતોએ ગયા ચોમાસા પહેલા આ વીમાના પ્રિમીયમ ભર્યા હતા. ગત ચોમાસાનો વરસાદ અને આ પોલીસીથી જોખમો સામે રક્ષણ મેળવવાની જોગવાઈના સંદર્ભે ખેડુતોને કોઈ લાભ થયો નહી. આગલા વર્ષના અન્ય જીલ્લાના ખેડુતોના અનુભવ અનુસાર કુદરતી આફતો સામે રક્ષણ મેળવવાના સંદર્ભે આ વીમા યોજના પુરક બની હતી. પરંતુ આ વર્ષમાં તેનો કોઈ લાભ ન મળ વાના કારણે ખેડુતો પછીના વર્ષ માટે તેમાં જોડાય તે બાબતે અવઢવ અનુભવી રહયા છે. તેવા સંજોગોમાં છેલ્લા એકાદ માસથી સંસ્થાની ટીમ દ્વારા ખેડુતો સાથે તેના અનુભવોની જાણકારી મેળવવામાં હતી. સમયાંતરે થયેલા વરસાદના આંકડા મેળવી ખેડૂતોને વાકેફ રાખતી હતી. જેમાં કંપની દ્વારા મુકાયેલ પ્રોડકટ અનુસાર ચર્ચા થતા નીચે મુજબના મુદાઓ નીકળી આવ્યા હતા અને ખેડુતો એ સૂચવેલ બાબતો તેમા આવરી લેવાયેલ છે.

૧. પ્રોડકટ વેલ્યુ તથા સર્વિસ ટેકસની થતી રકમ એકર દીઠ ખુબ વધુ જણાય છે.

૨. પ્રિમીયમની રકમ ૩૦૦ થી ૩૫૦ પ્રતિ એકર હોવી જોઈએ.

૩. 1(a) વાવણીનો વરસાદ ઓછામાં ઓછો ૩ દિવસમાં ૭૦ થી ૮૦ મીમી થવો જરૂરી છે. (સમયગાળો ૧૫ જુન થી ૩૦ જુનમાં કોઈપણ ૩ દિવસ સળંગ ગણવો જોઈએ.)

૪. ઉપરોકત તબકકામાં રોજ ૨–૩ મીમી વરસાદ પડે તો ખેડુતને નુકશાન થાય પણ વીમાનો લાભ મળતો નથી જેથી આ તબકકો બિલકુલ ઉપયોગી નથી. ખેડુતને તેના ઉત્પાદન સાથે જોખમી હોય તેવી બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે.

૫. રૂપિયા ૩૦૦ કે ૪૦૦ થી ઓછી રકમનો કલેઈમ ન થઈ શકે તો આ મર્યાદા મીનીમમ રૂપિયા ૫૦ ની હોવી જોઈએ.

1(b) બરાબર જણાય છે.

એકસેસ રેઈનફોલ

૧૬ સપ્ટેમ્બર થી ૧૫ નવેમ્બરમાં કાપણી અને ઉત્પાદિત ચીજવસ્તુઓ ખેતરમાં હોય ત્યારે નહીવત વરસાદમાં જોખમ ન હોય પણ ૧ દિવસમાં ૫૦ મીમીથી વધુ વરસાદ પડે તો ઉત્પાદનો બિલકુલ નાશ પામે છે.

નોંધ :– ઉપરોકત બન્ને તબકકામાં મર્યાદા કરતા વરસાદ વધુ હોય કે ઓછો હોય એવા

સંજોગોમાં ખેત ઉત્પાદનો મેળવી શકાતા નથી તેથી ૧૦૦% કવર મળવુ જોઈએ.
વીમાની જોખમ પાત્ર રકમ નિયત કરીને રકમ ખેડુતોને ચુકવવી.
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, સજજતા સંઘ અને ઓકસફામના પ્રતિનિધિઓએ ખેડુતો સાથે પરામર્શ કર્યો. જેમાં ખેડુતોએ આ વર્ષે મગફળી અને કપાસ બન્નેમાં પુરતી માવજત છતા ઉત્પાદન મળી શકયુ નહી અને વરસાદના આંકડાઓ જોતા તેમાં વર્ષાવીમાનો લાભ પણ મળ્યો નહી તેવો સુર નીકળ્યો. મગફળી અને કપાસમાં આવેલ રોગ સામે રક્ષણ મળી શકયુ નહી, સમયસર વરસાદ ન થવો, વધુ વરસાદ, તથા આ વરસાદના આંકડા મુજબ વર્ષાવીમો આપવાની બાબત પણ ચર્ચામાં આવી. કપાસના બિયારણ બાબતે તથા હાલમાં વાવેતર થયેલ જીરૂના બિયારણ બાબતે થયેલ રજુઆતમાં નિગમ દ્વારા મેળવેલ જીરૂનું બિયારણ નિષ્ફળ ગયુ. કપાસના બિયારણો જે છેલ્લા ૩–૪ વર્ષથી બીટીના નામે ખેડુતોમાં પ્રિય બન્યા છે. તેમાં આ વર્ષે આવેલા રોગ સામે નિયંત્રણ મેળવી શકવામાં જંતુનાશકો કામયાબ નિવડયા નહી. મગફળીના પાકમાં પણ આવી સ્થિતી જોવા મળી જેના કારણે આ વર્ષે ખેડુતોને મોટુ નુકશાન સહન કરવાનું આવ્યુ છે. મોટા ભાગના ખેડુતોએ પોતે મગફળી વાવેતરમાં ઉપયોગમાં લીધેલ બિયારણ જેટલું પણ ઉત્પાદન મળી શકયુ નહી. તો પુરી સીઝનમાં તેમણે કરેલી મહેનત, થયેલ ખર્ચ અને જમીન તથા ઓજારો પાછળના રોકાણને ધ્યાનમાં લેતા ખુબ મોટી ખોટ ખેડુતોએ સહન કરી છે. ખેડુતોએ પોતાના પ્રશ્નોની અસરકારક રજુઆત કરતા તૈયાર થવુ પડશે અને તે માટે તેમણે હિંમત કેળવવી જરૂરી છે.
ઉપરોકત બાબતોમાં ઉત્પન્ન દરેક જોખમો સામે પહોંચી વળવા જરૂરી રણનિતિ તૈયાર કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો. જેમાં ગામવાર મીટીંગો યોજી, કલસ્ટર વાઈઝ કાર્યશાળા, નિષ્ણાતોના માર્ગદર્શન તથા પ્રેરણા પ્રવાસ જેવી બાબતો વિચારવામાં આવી છે.



*નિષ્ઠા કઠોર જીવનને સરળ બનાવે છે.*

**બાયોડાયવર્સિટી**






ઘરેલું હિંસા અધિનિયમ – ૨૦૦૫ અને મિલ્કતમાં બહેનોની ભાગીદારી અંગે જાણકારી અને જરૂરી પગલા આધારિત ઝુંબેશનો પ્રારંભ.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMI-91/2008 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto 31/12/2011 Date Of Issue 1st of month

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**અનુભવના આધારે જ્ઞાનનું નિર્માણ થાય છે.**